Capital World (Gujarati) Pg 3 - 30 Aug 2022

# ક્રિપ્ટોકરન્સી બજારમાં નીચા મથાળે લેવાલી

**» ભારતીય 3.0 વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૧.૩૫ ટકાનો વધારો**

**કેપિટલ સંવાદદાતા તા.૨૯**

નકારાત્મક પરિબળોની વચ્ચે ક્રિપ્ટોકરન્સી બજારમાં નીચા મથાળે લેવાલી થતા બિટકોઈન સહિત અગ્રણી અલ્ટકોઈન્સ રિબાઉન્ડ થયા હતા.

ગત સપ્તાહમાં ફેડના ચેરમેન જેરોમ પોવેલે કહ્યું કે વધતા ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્રિય બેન્કે અમારે કડક વલણ અપનાવવું પડશે. ફુગાવો ચાર દાયકાની ટોચે હોવાથી પોવેલે સ્પષ્ટપણે વ્યાજ દરમાં વધારાનો સંકેત આપતા સેન્ટિમેન્ટ ખોરવાયુ હતું. પરિણામે ક્રિપ્ટોમાં ઘટાડો થતા સોમવારે ટ્રેડર્સે નીચા મથાળે લેવાલી કરવાની તક ઝડપી હતી.

જ્યારે3.0 વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫સોમવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં૧.૩૫ ટકા (૪૧૫ પોઈન્ટ્સ)વધીને૨૯,૩૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.



**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૦,૧૬૩.૩૧ | ૧,૬૧૪,૦૨૯.૩૮ | ૧.૩૩ | -૪.૬૦ |
| ઈથેરિયમ (ETH) | ૧,૫૧૨.૧૧ | ૧૨૧,૦૭૭.૨૪ | ૨.૪૩ | -૨.૮૩ |
| બિનાસ કોઇન (BNB) | ૨૮૩.૧૭ | ૨૨,૬૧૦.૯૩ | ૧.૪૦ | -૪.૧૭ |
| XRP | ૦.૩૩ | ૨૬.૧૬ | -૨.૨૫ | -૨.૩૬ |
| ડોજીકોઇન | ૦.૦૬૩૩ | ૫.૦૭ | -૦.૨૦ | -૪.૩૬ |
| લાઇટ કોઇન (LTC) | ૫૫.૭૫ | ૪,૪૬૫.૪૬ | -૧.૩૯ | ૦.૬૯ |